ધી સુરતી સુન્ની વહોરા મુસ્લિમ એજયુકેશન સોસાયટી, સુરતનું મુખપત્ર

# વહોરા સમાચાર

## માનવ જાતનો સ્વભાવ

કયારેકઆપણને એમ લાગે છે કે ચારે તરફ જાણે શેતાની સત્તા જ વ્યાપેલી છે. ભાઇ-ભાઇ સાથે ઝઘડે છે. પાડોશી પાડોશી સાથે લડે છે. લડનારને એ વખતે સારાનરસાનું ભાન રહેતું નથી અને આવી લડાઇ પાછી કોઇ સબળ કારણ વિના હોય છે. ઝઘડાતી વખતે પ્રેમ, દયા, માયા બધું જ જાણે વિસરાઇ જાય છે. આવું જોઇએ ત્યારે એમ થાય છે કે આટલા લાંબા સમય પછી જાણે માનવી માનવતા શીખ્યો નથી. સંસ્કૃતિ અને સંસ્કારના પોપડાઓ એની અંદરના રૂપને દાવી રાખે છે. પણ હવા સહેજ સૂકી થતાં જ એ પોપડા જાણે ઉખડી જાય છે અને નીચેથી માણસનું રાક્ષસી રૂપ પ્રગટ થઇ જાય છે. ઘણી વાર આપણને આશ્ચર્ય થાય છે કે માણસ પોતે જે બાંધે છે એને તોડવાની પ્રવૃત્તિ પણ પોતે જ કરે છે. ચોમાસામાં રમતાં બાળકો માટીમાંથી કૂબા બનાવે છે, પણ એ બનાવવાની ભારે જહેમત લીધા પછી કોણ જાણે કેમ એ તોડીફોડી નાખે છે. માણસજાતમાં પડેલી આ કોઇક અદમ્ય વૃત્તિ સાથે ફરી ફરીને બાંધવાની સર્જન કરવાની વૃત્તિ પણ પડેલી છે. એ માણસજાતનું જમા પાસું છે. પોતાના સ્વાર્થ માટે માણસ અનેક ખરાબ કામો કરે છે. બહારથી નિઃસ્વાર્થ દેખાતી પ્રવૃત્તિઓમાં પણ અનેક માણસોના સ્વાર્થ પડેલા હોય છે. મોટી મોટી લડાઇઓ પાછળ ઘણીવાર નાનકડાં હિતો પડેલાં હોય છે. પોતાના હિત ખાતર માણસ બીજાનું નિકંદન કાઢી નાખતાં પણ અચકાતો નથી, માણસમાં વેરની ભાવના છે. ઇર્ષ્યા છે, કિન્નાખોરી છે, ખુન્નસ છે, પરંતુ એ બધા વચ્ચે કયાંક લાગણીની નાની સરવાણીઓ પણ વહેતી હોય છે. ગરમ સૂકકા વેરાનમાં નાનકડાં ઝરણાંઓ પણ હોય છે. અફાટ રણમાં રણદ્વીપો પણ હોય છે અને તેને લીધે જ કદાચ, જિંદગીની આ લાંબી થકવી નાખતી સફર સહ્યય બને છે.

■ મોહંમદ માંકડ

રમઝાન-શવ્વાલ ૧૪૪૫ | એપ્રિલ- ૨૦૨૪ | તંત્રીઃ મસ્ત મંગેરા

www.ssvmes.org
www.vohratimes.org
vohrasociety@gmail.com
vohrasamachar@gmail.com
vohrasamachar@yahoo.com

# A Humble Appeal to Generous Donors

**Respected Donors and Well Wishers,**

Assalamu Alaikum w.w.

We express our co-hearted gratitude to our philanthropist's donors from all over the world for their generous charities to **The Suratee Sunni Vohra Muslim Education Society, SURAT.**

Various activities of society such as Scholarship from Primary to Higher education, Scholarship to Diniyat students, Medical aids to needy patient's as well annual help to helpless widows are performed well with help from our donors.

At the same time dream project A.Y. DADABHAI TECHNICAL INSTITUTE at Kosamba is doing its best since last **14** year since **2008.** AYDTI is a polytechnic with FOUR Diploma Courses approved by AICTE (Govt. of India) and affiliated with Gujarat Technological University and accredited by NBA (Govt. of India). More than **2500** students has been already succeed with Diploma Engineering out of which **750+** are Muslims.

This is the era of digital techniques where computer related courses such as IT, IOT, AI, MI, Cyber Security etc. are most demandable Degree and Diploma courses so it is highly needed to start the Institute of Computer Science with emerging branches,

For that purpose, the land is available with us, only construction of new building with furniture and equipment's is needed. The detailed project report is here attached with this letter,

You are requested to go through it. We are humbly and kindly requesting to all generous donors and well-wishers to come forward with open hear with your charities for our new advanced project.

May Almighty Allahgive the best reward in both the world,

**Yours sincerely,**
**President / Secretary**
**And Members of Managing Committee of**
**The Suratee Sunni Vohra Muslim Education Society, SURAT**

## Only For Abroad Donors

**THE SURATEE SUNNI VOHRA MUSLIM EDUCATION SOCIETY**

**STATE BANK OF INDIA**

**ACCOUNT NO : (FCRA - SAVINGS BANK A/C.) – 40159386675**

**IFSC CODE : SBIN0000691**

**BANK SWIFT CODE : SBININBB104**

**BANK ADDRESS** FCRA Cell, 4th Floor, State Bank of India, New Delhi Main Branch -11, Sansad Marg, New Delhi-110001 (INDIA).

## આપણા સમાજનું ગૌરવ

### વધુ એક ડૉકટર સર્જન થયા



મો.માંગરોલના વતની અને હાલ મલાવી ખાતે સ્થાઇ સામાજીક કાર્યકર જ.અહમદ મેહમૂદ પાંડોર સા.ના સુપુત્ર ઇસ્માઇલ એ M.B.B.S.ની ઉપાધી મેળવ્યા બાદ મહારાષ્ટ્ર (કરાડ) ખાતે આવેલ ક્રિષ્ના વિશ્વાવિદ્યાપીઠમાંથી M.S. ની ઉપાધી મેળવી ગામ તેમજ અપણા સમાજનું નામ રોશન કર્યુ છે તે બદલ મુબારકબાદ.

ડૉ.ઇસ્માઇલભાઇ વધુ અભ્યાસ માટે ટૂંક સમયમાં યુ.કે. જનાર છે.

## વહોરા સમાચાર

■ **હદીષ**

**સખાવત કરનાર અલ્લાહથી નજીક છે, જન્નતથી નજીક છે, લોકોથી નજીક છે અને આગથી દુર છે.**

■ **સુવિચાર**

**માણસ ખામીઓ અને ખૂબીઓથી ભરેલો હોય છે, પણ વિશ્વાસ રાખનારને ખૂબી દેખાય છે અને શંકા કરનારને ખામી દેખાતી હોય છે.**

**અંક : ૦૪**

**માસ : એપ્રિલ - ૨૦૨૪**

**માહે : રમઝાન-શવ્વાલ ૧૪૪૫**

**તંત્રી : મસ્ત મંગેરા**

■ **ભાગ્યશાળી**

એક ચુંટણી સભામાં એક મોટા નેતા ભાષણ કરી રહયા હતા. ભાષણ લાંબુ ચાલ્યું. એક માણસ સહેજ બહેરો હતો, જે કાને હાથ દઇને સાંભળવાની કોશીશ કરતો હતો, પણ બરાબર સાંભળી શકતો ન હતો એણે બાજુ વાળાને પૂછયું નેતાજી શું કહે છે તે મને જરા સમજાવશો ?
પેલા માણસે જવાબમાં માત્ર એક જ વાકય કહયું આ સભામાં સૌથી વધુ ભાગ્યશાળી તમે જ છો અને ઉઠીને ચાલતો થયો.

## ■ તંત્રી સ્થાનેથી...!

આપણી વ્હાલી સોસાયટી ની ૭૬ મી વાર્ષિક જનરલ મિટીંગ મળી. સહર્ષ લોકોએ આનંદની અદ્‌ભૂત લાગણી વ્યકત કરી.

આપણી સોસાયટીના ધુરંધર કાર્યકર અને લેખક **માનનીય ઉનિઆ સાહેબે** એક વાત બે-ત્રણ વાર મને કહેલી- તે આજે પણ ભૂલ્યો નથી.

સુરતથી એક અઠવાડીક પેપર"મુસ્લિમ ગુજરાત" નામે નીકળતું. એના તંત્રી હતા પ્રખ્યાત લેખક મુનાદી સાહેબ- એમણે ઉનીઆ સાહેબને કહયું કે તમારી કૌમ પાસે પૈસા તો છે. દિલદારી પણ છે - પરંતુ અકકલ અને સમઝ નથી. કારણ- તે વખતે પણ આપણા સમાજના લોકો દાનવીર હતા. એ પૈસા મુનાદી સાહેબને આપી જતા.

માનનીય ઉનીઆ સાહેબે જવાબ આપેલો- અલ્લાહપાકે જે કૌમને પૈસા આપ્યા છે - તે અલ્લાહપાક કૌમને અકકલ અને સમઝ બંને આપશે. અને પછી બારડોલી મુકામે શાદી પ્રસંગે ભેગા થયેલા લોકોએ વાતવાતમાં સોસાયટી શરૂ કરવાની ચર્ચા કરી અને તે થઇ ને રહી. જેના આજે ૭૬ વર્ષ પુરાં થયાં છે.

અને કૌમના એ દાનવીરોના પ્રયત્નોથી અને કાર્યકર્તાઓના સહકારથી આગળ અને આગળ વધી રહયા છે. મને મારા ખાસ મિત્રો, ડૉ. મોતાલા સાહેબ, જ. અહમદભાઇ બોબાત સા., જ. મેહમુદભાઇ બાંગી સા., પ્રિ. માકડા સા., અમલા સા. અને બીજા અસંખ્ય મિત્રો યાદ આવે છે. તે વખતના વડીલો પણ સ્મરણમાં છે. મારો સંબંધ આ સંસ્થા સાથે છેલ્લા ૭૫ વર્ષથી છે. સ્કોલર તરીકે અને સામાન્ય કાર્યકર તરીકે સૌને અભિનંદન, મુબારકબાદ અને સદા યાદ રહેનાર મિત્રો વડીલો ને સલામ.

▪ **મસ્ત મંગેરા (કાંગવઈ)**

**E-mail : mastamangerakangwai@yahoo.com**
**Mob : 9426771991**

તંત્રી,મુદ્રક અને પ્રકાશક :- અહમદ ઈબ્રાહીમ મંગેરા ('મસ્ત' મંગેરા) મુદ્રણ સ્થાન:- નટરાજ પ્રિન્ટર્સ,ઈન્દરપુરા આંબાવાડી,સુરત
પ્રકાશન:- વહોરા સમાચાર,કાર્યાલય સ્થળ :- સુફીબાગ,રેલ્વે સ્ટેશન સામે,સુરત- ૩૯૫ ૦૦૩ માલિક :-ધી સુ.સુ.વ.મુ.એ.સોસાયટી-સુરત.

# નેકી, તારાં નવલખ રૂપ

- મુસાજી દીપક બારડોલીકર

અને અમે ફરિસ્તાઓને કહયું, આદમની સામે ઝૂકી જાઓ.-અને તે (સૌ) ઝૂકી ગયા. (પણ) ઇબ્લીસે એમ કર્યું નહીં. તેણે ઇન્કાર કર્યો અને તે ગર્વિષ્ઠ હતો. તે શ્રદ્ધાહીનો માંહેનો હતો. (૩૪)

ઇબલીસ યાને શેતાનની આ ઉદ્ધતાઇ વિશે સૂરહ અલ-અઅરાફમાં છે કે (અલ્લાહે) કહયું: મેં સજદા માટે હુકમ કર્યો હતો, તો પછી કઇ વસ્તુએ તને સજદો કરતાં અટકાવ્યો? ઇબલીસે કહયું, હું એનાથી ચઢિયાતો છું. તેં મારું સર્જન આગથી કર્યું હતું, જ્યારે એને માટીથી બનાવ્યો છે. (૧૨) અઅરાફ-૭

સૂરહ હિજરી, અલ-ઇસરા ને સાદમાં પણ શેતાનના એ જ પ્રકારના ગર્વિષ્ઠ ઉચ્ચારણનો ઉલ્લેખ છે અને તેના આ અભિમાનની શિક્ષારૂપે સૌપ્રથમ તેને ત્યાંથી હદપાર કરી દેવામાં આવે છે. એ સમયે તે કયામત સુધીની મુહલત માગે છે, જે રબ્બે-કરીમ તરફથી તેને મળી જાય છે. આ પ્રસંગનું વર્ણન સૂરહ અલ-અઅરાફ, અલ-હિજર, અલ-ઇસરા અને સાદમાં થોડી-થોડી ભિન્નતા સાથે કરાયેલું છે. સૂરહ અલ-અઅરાફમાં એ પ્રસંગનું બયાન આ રીતે કરાયું છે:

(અલ્લાહે) કહયું: તું અહીંથી નીચે ઉતરી જા. તું ઉદ્ધતાઇ કર નહીં. અહીંથી ચાલ્યો જા. તું અત્યંત હલકટછે. (૧૩)

તેણે (શેતાને) કહયું: મને તે દિવસ સુધીની મુહલત આપ કે જ્યારે તેમને (આદમની ઔલાદને) તેમને (કબ્રોમાંથી) પાછા ઉઠાડવામાં આવશે. (૧૪)

ફરમાવ્યું : તને મુહલત આપવામાં આવે છે. (૧૫)

(અને ત્યાર પછી શેતાને) કહયું: તેં મને માર્ગ-બહાર ફગાવી દીધો છે માટે હવે તેમના (આદમીઓના) ઇન્તેઝારમાં તારા સીધા રસ્તા પર બેસીશ. પછી હું તેમની સામેથી અને તેમની પાછળથી અને તેમના જમણા પડખેથી તથા ડાબા પડખેથી તેમના ઉપર હુમલા કરીશ. અને તેમનામાંના મોટા ભાગનાને તું કૃતજ્ઞી (શુક્રગુઝાર) જોશે નહીં.(૧૬-૧૭)

(અલ્લાહે) કહયું: નીકળી જા અહીંથી ! કલંકિત, પદભ્રષ્ટ! - એમનામાંના જે તને અનુસરશે તો, તમારા સૌથી હું જહન્નમ ભરી દઇશ. (૧૮) અલ-અઅરાફ.

આદમજાતથી વેર વાળવાની શેતાનની વ્યૂહરચના વિશે સૂરહ અલ-હિજરમાં દર્શાવાયું છે કે:

(શેતાને) કહયું: ઓ મારા રબ! કેમકે તેં મને અપમાનિત કીધો છે માટે (હવે) હું ધરતી પર તેમના (માણસોના) માટે (બુરાઇને) ખૂબસૂરત બનાવીશ અને હું તેમને સૌને બુરાઇમાં સંડોવી દઇશ, સિવાય કે તેમનામાંના તારા પ્રામાણિક અને પવિત્ર બંદા. (૩૯-૪૦)

(અલ્લાહે) કહયું: આ (મારા પ્રામાણિક બંદાઓનો માર્ગ) ખરેખર મારા સુધી પહોંચાડનારો માર્ગ છે અને મારા બંદાનો સવાલ છે ત્યાં સુધી તેમના પર તને કોઇ સત્તા હશે નહીં, સિવાય કે જેઓ પોતે દુરાચાર કરે અને તને અનુસરે (૪૧-૪૨) અલ-હિજર.

અને શેતાનના ઘમંડવચનના ઉત્તરમાં સૂરહ અલ-ઇસરામાં દર્શાવાયેલા શબ્દોમાં કેટલીક નવી વાતો જોવા મળે છે.

(અલ્લાહે કહયું): તેમનામાંના જેમને તું વિનાશ તરફ દોરી જઇ શકે, દોરી જા, તારા (લલચાવનારા) અવાજ વડે. તારાં હયદળ અને પાયદળ વડે તેમના પર હુમલા કર અને તેમની ધનસંપત્તિમાં તથા સંતાનોમાં ભાગીદાર બન અને તેમને વચનો આપ. - પણ શેતાન તેમને ધોખા સિવાય કોઇ વચન આપતો નથી.- મારા બંદાઓનો સવાલ છે ત્યાં સુધી તેમના પર તારી કોઇ સત્તા ચાલશે નહીં. (તેમના) વાલી તરીકે અલ્લાહ કાફી છે. (૬૪-૬૫) અલ-ઇસરા-૧૭.

આ બયાનોનો અર્થ આ થયો કે ઇન્સાનોને ગુમરાહ કરવા, વિચાર તરફ લઇ જવા, નાફરમાની માટે - ઉદ્ધતાઇ માટે ઉશ્કેરવાની શેતાનને ખુલ્લી આઝાદી આપવામાં આવી છે. તો બીજી તરફ અલ્લાહ તઆલાએ ઇન્સાનને કિતાબો તથા પયગમ્બરો દ્વારા આવશ્યક માર્ગદર્શન પૂરું પાડયું છે અને ચોખ્ખા શબ્દોમાં જણાવી દીધું છે કે અને શેતાનના ચીલે ચાલશો નહીં. તે તમારો ઉઘાડો શત્રુ છે. તે તમને બુરાઇ તથા નિર્લજ્જતાના આદેશ આપે છે અને (ઇચ્છે છે કે) અલ્લાહ વિશે તમે એવી વાત કહો, જેનું તમને જ્ઞાન નથી. (૧૬૮-૧૬૯) અલ-બકરહ-૨

આમ માર્ગદર્શન કર્યા પછી અલ્લાહતઆલાએ, બુરાઇ અપનાવવી કે સારાઇ અપનાવવી એ વિશે, ઇન્સાનને સંપૂર્ણ આઝાદી આપી છે અને તેણે શું બનવું છે - જન્નતી કે જહન્નમી - એની આકરી કસોટીમાં તેને મૂકયો છે.

ખેર, શેતાનને ઇન્સાન ઉપર હુમલા કરવાની છૂટ અપાયા પછી અલ્લાહતઆલા હ. આદમ (અલૈ.) અને તેમનાં પત્ની હ. હવા (અલૈ.) ને જન્નતમાં વસવાટ કરવાનો હુકમ કરે છે અને ત્યારે એક ખાસ વૃક્ષ નજીક ન જવા તથા શેતાનની શરારતોથી સાવચેત રહેવાની સલાહ તેમને આપે છે. પરંતુ આદમ દંપતીની આ સાદગી હતી કે શેતાન તેમની વિરુદ્ધની ચાલબાજીમાં સફળ થઇ ગયો અને આથી આખરે ખુદાઇ આદેશના ઉલ્લંઘન બદલ તેમને જન્નતથી હદપાર કરી પૃથ્વી પર ઉતારી દેવામાં આવ્યાં.

આ એક અસામાન્ય ઘટના હતી.પૃથ્વી પર માનવવસવાટનો આરંભ થઇ રહયો હતો અને એ બધું પરવરદિગારની મરજીથી થઇ રહયું હતું! જરા કલ્પના કરો કે સૂમસામ ધરતીના ભેદી સન્નાટામાં આદમ દંપતીએ પ્રથમ પગલાં પાડયાં ત્યારે તેમનાં દિલોની સ્થિતિ શી હશે! તેમની લાગણીનો ઉછાળો કેવો હશે? અને એ સમયે વેરાન ધરતીને કેવો અનુભવ થયો હશે?

એ અપૂર્વ ઘટના વિશે કુરઆનની સૂરહ અલ-બકરહ અને તા-હામાં વર્ણન કરાયું છે, થોડા-થોડા ફરક સાથે. વિશેષ વિગતો સૂરહ અલ-અઅરાફ અને તા-હામાં છે. અહીં એ વિગતો નોંધવી ઉચિત લેખું છું:

ઓ આદમ ! તું અને તારી પત્ની જન્નતમાં રહો અને મન ઇચ્છે તે એમાંનું તમે ખાઓ, પણ આ વૃક્ષ નજીક જશો નહીં. નહિતર તમે જાલિમો (દુરાચારીઓ) માંહેના થઇ જશો. (૧૯) અલ-અઅરાફ.

આદમદંપતી જન્નતમાં રહેવા લાગે છે. પણ શેતાન તો વેર વાળવા માટે તૈયાર બેઠો હતો અને તકની રાહ જોઇ રહયો હતો. આથી શેતાનથી સાવચેત રહેવા માટે અલ્લાહ-તઆલા આદમદંપતીને સૂચના કરે છે, જેનું વર્ણન સૂરહ તા-હામાં આ રીતે કરાયું છે.

અમે કહયુંઃ ઓ આદમ ! આ (શેતાન) તમારો અને તમારી પત્નીનો શત્રુ છે. જો-જો એ કયાંક તમને બંનેને જન્નતમાંથી બહાર કઢાવે નહીં! અગર એમ થયું તો તમે તકલીફમાં મુકાઇ જશો. અહીંયા તમારા માટે ક્ષુધા કે નગ્નતાનું કોઇ કારણ નથી. તેમ જ તૃષાની પીડા નથી તથા સૂરજનો તાપતડકો પણ નથી. (૧૧૭-૧૧૯) તા-હા-૨૦.

પરંતુ શેતાને તેમની ભૂંડી ભંભેરણી કરી. તેણે કહયું, ઓ આદમ ! હું તમને અમરત્વ બક્ષે એવા વૃક્ષ અને કયારેય નાશ નહીં પામે એવી બાદશાહતનો માર્ગ દેખાડું? (૧૨૦) તા-હા.

એ વાત સૂરહ અઅરાફમાં આ રીતે કહેવામાં આવી છેઃ ત્યાર પછી શેતાને તેમની બંનેની ભંભેરણી કરી કે જેથી તેમનાં શરમનાં અંગો, જે તેમનાથી છૂપાં હતાં તેને દેખાતાં કરી દે. અને કહયુંઃ તમારા પરવરદિગારે, તમે કયાંક ફરિસ્તા ન બની જાઓ એટલા માટે આ વૃક્ષ નજીક જવાની મનાઇ કરી છે! યા તમે અજરામર ન થઇ જાઓ (એટલા માટે)! - અને તેમને કસમપૂર્વક કહયુંઃ હું તમારો પ્રામાણિક હિતચિંતક છું. (૨૦-૨૧) અઅરાફ. **(ક્રમશ)**

# આધ્યાત્મિક સફર

ઉર્દૂ લેખક: મૌ.ઇફ્તિખારઅહમદ કાસિમી સમસ્તીપૂરી
અનુવાદક : યુસુફખાન પઠાણ (ગુંજાવાળા)

માનવીનું મગજ વિચારોનું સર્જક છે. અલ્લાહ તઆલાના હુકમથી તે તંદુરસ્તી અને બીમારી, ખૂશી અને ગમી, સુંદર અને મનોહર, એટલું જ નહીં, પરંતુ દરેક વસ્તુ ને પેદા કરે છે. શાયરી હોય કે અસરકારક ભાષણ હોય, ચિત્રકારે દોરેલ ચિત્ર હોય કે સુંદર ઇમારત હોય, પ્રથમ મગજમાં વિચારોના તરંગો પેદા થાય છે અને પછી આ તરંગો (લહેરો) કયાંક ગીત, કયાંક સૌંદર્ય તો કયાંક અતિ સુંદર સ્થાપત્ય તો કયાંક હૃદયંગમ તાજમહેલનું સ્વરૂપ ધારણ કરે છે. જાણે કે માનવીનું દરેક સર્જન વૈચારિક તરંગોનું મૃત સ્વરૂપ છે. માનવીની કલ્પનાઓ હકીકતમાં ભૌતિક ચીજ-વસ્તઓની નકલ છે. હકીકતોના કિલ્લા પહેલાં મગજમાં અને પછી જમીન ઉપર સર્જન-આકાર પામે છે, પરંતુ યાંત્રિક મગજ સર્જનહાર નથી, તે તો નિર્જીવ છે, તે આવી તમામ કાબેલિયતોથી ખાલી હોય છે-અલિપ્ત હોય છે.

આપણા મગજમાં વિચારોની ઉત્પત્તિ હકિકતમાં સમાચારોના તરંગોથી થાય છે. થોભી ગયેલ પાણીની સપાટી ઉપર જો તમે પથ્થર ફેંકશો તો તેના પરિણામ સ્વરૂપે ગોળાકાર વમળો પેદા થશે, એવી જ રીતે સમાચારોના પરિણામ સ્વરૂપે વિચારોના તરંગો પેદા થાય છે. આપણા મગજમાં વિચારોનું ચિત્ર કયારેક સ્પષ્ટ તો કયારેક ઝાંખું હોય છે. હકીકતમાં મગજની સપાટી સરોવર જેવી છે, જેમાં તરંગો પેદા થતા રહે છે. જયારે આપ સરોવરની શાંત સપાટીને જોશો તો પાણીની અંદરનું દૃશ્ય સ્પષ્ટ રીતે દેખાઇ આવશે, પરંતુ જયારે પાણીની સપાટી ઉપર તરંગો પેદા થયેલા હોય તો પ્રતિબિંબ દેખાશે નહીં, એ જ રીતે આપણા મગજમાં વિચારોનું ચિત્ર કયારેક અત્યંત સ્પષ્ટ તો કયારેક તરંગોને લીધે ધુંધળું થઇ જાય છે.

જેવી રીતે કોમ્પ્યૂટરના પડદા ઉપર ચિત્રોનું પ્રતિબિંબ દેખાય છે એવી જ રીતે માનવીનું મગજ પણ એક કુદરતી પડદો (SCREEN) છે, જેના ઉપર વિચારોના ચિત્રો છપાય છે. આપણા સંવેદનશીલ અવયવો ઉપર જાતજાતના અનુભવોથી થનારી સંવેદનશીલ આગાહીઓની અસર થાય છે અને (તે) આપણા સ્નાયુઓની નસોમાં થઇને મગજમાં પહોંચે છે, જેનાથી સંવેદનશીલ સમજણ પેદા થાય છે. અલ્લાહ તઆલા પરમ કૃપાળુ અલ્લાહ તઆલા તરફથી આપણા માટે આ એક મહાન બક્ષીસ (નેઅમત) છે, જેના માટે આપણે અલ્લાહ તઆલાના શુક્રગુઝાર-આભારી બનવું જોઇએ.

وَهُوَ الَّذِيْٓ اَنْشَاَ لَكُمُ السَّمْعَ وَالْاَبْصَارَ وَالْاَفْـِٕدَةَ ۭ قَلِيْلًا مَّا تَشْكُرُوْنَ

ભાવાનુવાદ: **તે અલ્લાહ જ તો છે, જેણે તમને સાંભળવવા અને જોવાની શકિતઓ આપી, અને વિચારવા માટે હૃદય આપ્યાં, પરંતુ તમે લોકો ભાગ્યે જ આભારી થાઓ છો.**

(સૂ. મુઅમિનૂન, આયત:૭૮)

આપણા સમાજમાં સંવેદનશીલ અવયવોએ ઉત્પન્ન કરેલ માહિતીઓના પરિણામ સ્વરૂપે કાર્યો અને અભિપ્રાયો, વિચારો અને કલ્પનાઓ (સૂઝબુઝ) જન્મ લે છે અને પછી આ વિચારો વડે આપણા જીવનની કેવળ શારીરિક જરૂરિયાતો જ પેદા થતી નથી, પરંતુ આપણા આચરણ અને કૌશલ્યને લગતી તમામે તમામ આવડતોની શરૂઆત પણ આ જ માનસિક કલ્પનાઓથી થાય છે, જેના માટે બાહ્ય વાતાવરણની જાણકારીઓ વિચારો માટે ધરીનું કામ કરે છે અને આ રીતે આપણી જિંદગીમાં વિચારો અને કલ્પનાઓની એક એવી શૃંખલા આકાર પામે છે કે જીવનની તમામ ક્રિયાઓ-પ્રક્રિયાઓ અને તમામ ભોગવિલાસ આ જ વિચારો અને કલ્પનાઓ સાથે જોડાઇ જાય છે.

આ છે યાંત્રિક મગજની સામે માનવીના મગજનો ચમત્કાર ! જેની ગૂંચવણભરી વ્યવસ્થા તેના સર્જનહાર અલ્લાહ તઆલાની કુદરતી સર્જનશકિતની

કુશળતા સુધી આપણને પહોંચાડે છે અને આપણને આપણી માનસિક આવડતો એની જ-અલ્લાહ તઆલાની ઇચ્છાને આધિન કરી દેવાનો આગ્રહપૂર્વક અનુરોધ કરે છે.

## આત્માનું વિશ્વ (રૂહની દુનિયા)

આત્માની દુનિયા (વિશ્વ) એક એવી દુનિયા છે, જે અભૌતિક અને અગોચર કે અદશ્ય છે. જે ન તો આંખોથી જોઇ શકાય છે, ન તો બીજી ઇન્દ્રિયોની સમજમાં આવે છે. સચ્ચાઇના કોયડાઓમાં જે કોઇ કોયડો છે તો તે આત્માનો જ કોયડો છે-સૃષ્ટિના રહસ્યોમાં જો કોઇ રહસ્ય છે તો તે રહસ્ય આત્માનું જ રહસ્ય છે. જેની સચ્ચાઇ સુધી પહોંચવા માટે માનવીની બુદ્ધિ હમેશાં પાછી પડી છે. છતાં તેનું અસ્તિત્વ સર્વમાન્ય છે અને તેના આશ્ચર્યો સર્વસ્વીકૃત છે.

શરીરના અંગે અંગમાં જીવનની લહેર, આંખોમાં ચમક (તેજ), ચહેરા ઉપર લાલાશ, વાળોમાં કાળાશ, દાંતોમાં સફેદી અને માનવીના શરીરના આખાય કદ (પગથી માથા સુધીનો આકાર) ની તાજગી-આ બધું શું છે? આ બધું આત્માના વૈભવનું જ પ્રદર્શન તો છે! જો આત્મા નથી તો આ શોભા પણ નથી! જાણે કે આત્માથી જ શરીરની સૃષ્ટિનું અસ્તિત્વ છે. (જાણે કે આત્માને લીધે જ શરીરની સૃષ્ટિ ટકી રહી છે.) જેવો આત્માનો શરીર સાથેનો સંબંધ તૂટયો નથી કે તરત જ શરીરની સૃષ્ટિની બધી જ વ્યવસ્થા અસ્તવ્યસ્ત થઇ નથી, પરંતુ આમ હોવા છતાં પણ આત્માની (રૂહાની) ખાસિયત અને યથાર્થતા શું છે? તત્વચિંતકોની (વૈજ્ઞાનિકોની) આલોચનાઓને એક બાજુએ મૂકીએ, ઇસ્લામના મહાજ્ઞાની અંબિયાએ કિરામ જેવા પણ ફકત એટલું જ કહીને ચૂપ થઇ ગયા કે, આત્મા (રૂહ) અલ્લાહનો હુકમ છે.

ટૂંકમાં રૂહ (આત્મા) પોતાની નિશાનીઓ (અવશેષો) ના શૃગારમાં તદ્દન સ્પષ્ટ છે, તે બધા પર શ્રેષ્ઠતા ધરાવે છે, તો પણ પોતાના અસલ સત્વ બાબતે તદ્દન ગુપ્ત છે. તે દશ્ય પણ છે અને અ દશ્ય પણ.

**બેહિજાબી યહ હૈ કે હર ઝર્રહ સે જલ્વ આશકાર,**
**ઇસ પે ઘૂંઘટ યહ કે સૂરત આજ તક ના દીદહ હૈ.**

وَيَسْـَٔلُونَكَ عَنِ الرُّوحِ ۖ قُلِ الرُّوحُ مِنْ أَمْرِ رَبِّي وَمَآ أُوتِيتُم مِّنَ الْعِلْمِ إِلَّا قَلِيلًا

યહુદીઓએ આપ સલ્લલ્લાહુ અલયહિ વ સલ્લમને આત્મા (રૂહ) વિશે પ્રશ્ન પૂછયો હતો કે, આત્મા શું છે? તે વખતે આ આયત ઉતરી હતી:

ભાવાનુવાદ: **અને લોકો આપને આત્મા વિશે પૂછે છે, આપ કહો કે મારા રબ (પાલનહાર) ના હુકમથી એક વસ્તુ છે અને તમને ફકત થોડુંક જ જ્ઞાન આપવામાં આવ્યું છે.** (સૂ. બની ઇસ્રાઇલ : ૮૫)

યહુદીઓના જ્ઞાનનું સ્તર એટલું બધું ઉચ્ચ ન હતું કે તેઓ રૂહ (આત્મા) ની પૂરેપૂરી હકીકત સમજી શકે, તેથી તેમને જવાબ આપતાં ફકત એટલું જ સમજાવવામાં આવ્યું કે, રૂહ (આત્મા) અલ્લાહનો હુકમ છે. જે લોકો બુનિયાદી હકીકતો-વાતો અને સ્પષ્ટ હકીકતોને સમજવાની પાત્રતા અને કાબેલિયત નથી ધરાવતા, તેઓ આત્માના હકો, તેના ગુપ્ત રહસ્યો ઉપર કાબૂ મેળવવાની નિપુણતા પ્રાપ્ત કરવાની શું ધૂળ લાયકાત ધરાવતા હશે? પછી તેમની એ ચર્ચા કે રૂહ (આત્મા) શું છે? મોતી છે કે માટી? સ્થૂળ છે કે અસ્થૂર? વિશાળ છે કે સીમિત? ફકત કામ વિનાની અને નકામી ચર્ચા સિવાય શું હોઇ શકે છે? આ પ્રકારની ગૂઢતા અને નકામી ચર્ચા ઉપર ન તો દુનિયાના પ્રશ્નોનું નિરાકરણ મવજૂદ છે અને ન તો આખિરતમાં છૂટકારો! પરંતુ પ્રાચીન કાળથી આજ દિન સુધી રૂહ (આત્મા) ઉપર સંશોધનની એક નિરર્થક (પરિણામ વિહિન) પરંપરા ચાલી રહી છે અને કદાચ (સંભવિત છે કે) હજુ પણ ચાલુ રહેશે. દરેક ધર્મ અને સંપ્રદાયના ધર્મગુરૂઓએ આ ક્ષેત્રમાં પોત પોતાની કાબેલિયત બતાવી છે (પોત પોતાના રાગ આલાપ્યા છે.) આમ છતાં બધા લાભવિહિન-અલલટપ્પુ ધારણાઓથી વિશેષ કશું જ નથી. **(ક્રમશ)**

## બોધપાઠ
## ઝકાત આપવાની બરકત - એક અંગ્રેજનો કિસ્સો

હઝરત શૈખુલ હદીષ મૌલાના ઝકરિય્યક રહ. એ પોતાની કિતાબ આપ બીટી માં પોતાના વાલિદ હઝરત મૌલાના યહયા સાહબ રહ. અને બીજા અમુક લોકોના હવાલાથી આ કિસ્સો લખ્યો છે જે ઘણો જ ઇબ્રતનાક છે, તે એ કે સહારનપુરમાં અંગ્રેજોની અમુક કોઠીઓ હતી. એની આજુબાજુ બીજી ઘણી વ્યવસાયિક કોઠીઓ હતી. જેમાં એ અંગ્રેજોના કારોબાર ચાલતા હતા, અને એમની પાસે મુસલમાન કારીગરો કામ કરતા હતા અને તે અંગ્રેજો દિલ્હી-કલકત્તા વગેરે શહેરોમાં રહેતા હતા કયારેક કયારેક વીઝીટ માટે આવી પોતાના કારોબાર જોઇ લેતા હતા.

એક વખત તે જંગલમાં આગ લાગી અને લગભગ બધી કોઠીઓ બળી ગઇ, એક કોઠીનો કર્મચારી જલ્દી જલ્દી પોતાના અંગ્રેજ બોસ પાસે દિલ્હી ગયો અને જઇને કિસ્સો સંભળાવ્યોઃ માલિક! બધાની કોઠીઓ બળી ગઇ છે અને તમારી કોઠી પણ બળી ગઇ છે. તે અંગ્રેજ કંઇક લખી રહયો હતો, તે ઘણી જ શાંતિથી લખતો રહયો અને એની તરફ ધ્યાન સુધ્ધા ન આપ્યું, કર્મચારીએ બીજા વખત જોરથી કહયું કે માલિક! બધું બળી ગયું. એણે બીજી વખત લાપરવાહીથી જવાબ આપી દીધો કે મારી કોઠી નથી બળી અને બેફિકર લખતો રહયો. કર્મચારીએ જયારે ત્રીજી વખત કહયું તો અંગ્રેજે કહયુંઃ હું મુસલમાનોના તરીકા પર ઝકાત અદા કરૂં છું, એટલા માટે મારા માલ ને કોઇ નુકસાન નથી પહોંચી શકતું. એ કર્મચારી તો બિચારો જવાબ આપવાના ભયથી ભાગતો ભાગતો ગયો હતો કે માલિક કહેશે કે મને કીધું પણ નહિ. તે અંગ્રેજની લાપરવાહીવાળો જવાબ સાંભળીને પાછો આવી ગયો. આવીને જોયું તો ખરેખર બધીઓ કોઠીઓ બળી ગઇ હતી, પરંતુ એ અંગ્રેજની કોઠી બાકી હતી. (આપ બીતીઃ ૮૦/૦૨)

**બોધઃ** આપણને અલ્લાહ તઆલાએ ખરેખર ઘણી અમૂલ્ય વાતો અમલ કરવા માટે આપી છે, પરંતુ જે વસ્તુ પર આપણે અમલ કરવાનો હતો એ વસ્તુ આપણે છોડી દીધી તો આપણે જોઇએ છીએ કે આપણે દુનિયાની દરેક વસ્તુમાં પાછળ પડી ગયા છીએ અને જે કોમે આ અમૂલ્ય વાતો પર અમલ કર્યો તો તેઓ દુનિયામાં કયાંથી કયાં પહોંચી ગયા. મિત્રો જો આપણે અલ્લાહ તઆલાના બતાવેલ દરેક હુકમો પર અમલ કરતા રહીશું તો આખિરતમાં જરૂર ફાયદો થવાનો જ છે, પરંતુ દુનિયામાં પણ એટલો ફાયદો યકીની તોર પર થશે કે દુનિયાની કોઇ પણ તાકત આપણને સહેજ પણ નુકસાન નહિ પહોંચાડી શકે.

**પ્રેષકઃ ફૈયાઝ બોબાત**

### ભરે ખઝાને રબ્બ દે

**ફરીદા! મૈનું મુંજ કર - નિકકી કર કે કૂટ્ટ**

**ભરે ખઝાને રબ્બ દે - જો ભાવે સો લૂટ્ટ**

**અર્થાત:** ફરીદ કહે છે તારા અહંને, હુંપદને કચડી નાખ, કૂટીને દાણાદાર કરી દે, અને પછી અલ્લાહના ખજાનાનો કોઇ પાર નથી. તારું મન ઇચ્છે તે એમાંથી લૂટ, નિઃ સંકોચ લૂંટ! એ સૌ તારા માટે છે!

**- પંજાબી સૂફી શાયર બાબા ફરીદ**

# ફૂલ અને પત્થર

- સૈયદ રાઝ (નવસારી)

ચારે બાજુએ શાંત વાતાવરણ છે. અંધકારે આખા જગતને ઢાંકી દીધું છે. રાત ખુબ જ ભયંકર લાગે છે.બસરાની ગલીઓ સુમસામ પડી છે આવા વાતાવરણમાં એક ગુલામના ઘરમાંથી નવજાત બાળકના રૂદનનો સાદ આ શાંત વાતાવરણમાં ભળી જાય છે અને ફરી વાર આખું બસરા આરામ અને શાંતિના વાતાવરણમાં ડુબી જાય છે.

આ ઝંઝાવતી રાતમાં જન્મ લેનાર આ ગુલામ બાળક બસરાના હવામાનમાં ઉછરીને મોટો થયો. શરૂઆતથી જ મઝહબ પ્રત્યે એને ખૂબ લાગણી છે. અલ્લાહના ડરથી તે હંમેશા બીતો રહે છે. જો વગર મહેનતે કોઇ તેને સુકાયેલી રોટીનો ટુકડો આપે છે તો તે એવું કહીને પરત કરી દે છે કે જે માણસ પોતાને હાથે પરિશ્રમ કરી હલાલ રોઝી ખાય છે તેને દુનિયામાં તેમજ આખેરતના દિવસે બંને જગ્યાએ ભલાઇ નસીબ થાય છે.

એક વેળા આ બાળક બસરાના બઝારમાંથી પસાર થઇ રહયો હતો બસરાનો ગવર્નર પોતાના અન્ય સત્તાધીશ સાથીઓ સાથે અભિમાનથી ગરદન તાણી ત્યાંથી પસાર થયો. તેમની ચાલચલગતમાં સત્તાનો નશો સ્પષ્ટ રૂપે દેખાતો હતો. આ નેક બંદો શરિઅત વિરૂદ્ધની આ વાત સહન કરી શકયો નહિં. અને પરિણામની પરવાહ કર્યા વગર ગવર્નરને સંબોધીને કહયું: તમે તમારી ચાલવાની રીત સુધારો આ શરીઅત વિરૂદ્ધ છે. બસરાના ગવર્નરના નોકરો તેમને શિક્ષા કરવા માટે આગળ વધ્યા. પણ ગવર્નરે તેમને રોકી લીધા અને આ મર્દે મોમીન તરફ મુખ ફેરવી કહયું. કદાચ તમે મને ઓળખતા નથી. નહિતર જીભથી આવા શબ્દ નહિ ઉચ્ચારતે.

આ સાંભળી અલ્લાહના આ નેક બંદાએ જવાબ આપ્યો. જનાબ અહીં મારાથી વધારે સારી રીતે તમને બીજુ કોણ ઓળખે છે. તમારા જીવનની શરૂઆત એક ઇંડાથી થઇ છે અને તારો અંજામ લાચાર ગંધાતુ મરેલું શરીર છે. હવે શરૂઆત અને અંજામની વચ્ચેનો સમય કામ કરવાનો છે તું જેવું કામ કરશે તેવું ફળ મળશે જો તું નેક કામ કરશે તો તારા નસીબમાં આખેરતની નેઅમતો હશે અને જો તું ગર્વ અને અભિમાનમાં રચ્યો પચ્યો રહેશે તો જહન્નમની લપકારા મારતી લાલ લાલ જવાળાઓ તારા સ્વાગત માટે તૈયાર હશે.

આ જવાબ સાંભળીને ગવર્નર માથું ઢાળી ચાલ્યો ગયો.

આ હક પરસ્ત નિડર અને ખુદાના મહેબુબ ઇન્સાનનું નામ માલિક બિન દિનાર (રહ.) છે જે એક ગુલામને ઘેર જનમ્યા હતા. કેટલાક લોકો કહે છે કે દિનાર એમના પિતાનું નામ છે અને કેટલીક રિવાયતોમાં છે કે એક વેળા આપ એક જહાઝમાં મુસાફરી કરી રહયા હતા. એક માણસ જે મુસાફરો પાસેથી ભાડું વસુલ કરતો હતો તે તેમની પાસે આવ્યો અને ભાડું માંગ્યું. તેમણે જવાબ આપ્યો મારી પાસે તો કંઇ નથી હું કયાંથી ભાડું આપું. આ સાંભળી પેલા માણસે મોટા અવાજે પોતાના સાથીઓને બોલાવ્યા અને હજરત માલિક (રહ.) ની તરફ ઇશારો કરી કહયું આ માણસ ભાડું આપ્યા વગર મુસાફરી કરે છે અને ભાડું માંગવા છતાં પણ ભાડું આપતો નથી. આ સાંભળી બધા નાવિકો તેમના પર તુટી પડયા અને એટલી હદ સુધી માર્યા કે તેઓ બેભાન થઇ ગયા. જયારે ફરી વાર તેઓ ભાનમાં આવ્યા તો નાવિકોએ પાછું ભાડું માંગ્યું પરંતુ તેમણે તો પહેલાની જેમ જ જવાબ આપ્યો કે મારી પાસે તો કંઇ નથી હું કયાંથી ભાડું આપું?

આ સાંભળીને પેલા લોકો ફરીવાર તેમને મારવા લાગ્યા અને સાથે સાથે એવું પણ કહેતા રહયા કે જો તમે ભાડું નહીં આપશો તો તમારા હાથ પગ બાંધી તમને દરિયામાં ફેંકી દઇશું. આ પ્રસંગે કે જયારે તેઓ નાવિકોના જુલ્મો સિતમના ભોગ બન્યા હતા, અનેક માછલીઓ પોતપોતાના મોંમાં એક એક દીનાર લઇ હોડીની આસપાસ તરવા અને ફરવા લાગી. હઝરત માલિકે (રહ.) એક માછલીના મોંમાંથી દીનાર લઇ પેલા નાવિકોને ભાડું ચુકવી દીધુ. જયારે

નાવિકોએ આ ચમત્કારિક ઘટના જોઇ તો તેઓ પોતાના દુષ્કૃત્ય બદલ ખુબ લજિજત થયા અને એમની માફી માંગી. આ કારણે પણ તેઓ માલિક બિન દીનાર (રહ.) ને નામે ઓળખાય છે.

હઝરત માલિક બિન દિનાર (રહ.) નું સ્થાન ઇલ્મો ફઝીલતમાં ખુબ ઉંચું છે. ઇમામ નુરી (રહ.) હઝરત માલિક બીન દીનાર (રહ.) વિષે પોતાનો અભિપ્રાય પ્રગટ કરતા લખે છે કે તેઓ ખૂબ જ ઇબાદત ગુઝાર અને બા શરીઅત ઇન્સાન હતા જેમનું રોમ રોમ અલ્લાહ તઆલાના ડરથી ધ્રુજતું હતું. તેઓ એટલા સાચા અને સ્પષ્ટ વકતા હતા કે જ્યાં શરીઅત વિરૂદ્ધ કોઇ પણ વાત જોઇ કે તરત જ તેને ખોટી ઠેરવી દીધી. એમના જીવનની એક એક પળ યાદે ઇલાહીમાં પસાર થતી હતી.

હઝરત માલિક બિન દીનાર (રહ.) ના તકવા અને પરહેઝગારીની એ હાલત હતી કે પોતાને હાથે કુર્આને કરીમ લખતા અને મહેનતાણાંના જે પૈસા મળતા તેમાંથી પોતાનો જીવન નિર્વાહ કરતા એક દિવસ અલ્લાહના આ શયદાઇ એક મજલિસમાં બેઠા હતા. વકતાએ કોઇ કિસ્સાનું વર્ણન કર્યું જેને સાંભળી મોટા ભાગના લોકોની આંખો ભીની થઇ અને એમાના કેટલાક તો મોટા સાદે રડવા લાગ્યા. મજલિસ બરખાસ્ત થયા પછી મજલિસના હાજર સભ્યો માટે ખાવનું આવ્યું. સૌ લોકો ખાવા લાગ્યા પણ તેમણે તો ભોજનને હાથ સુદ્ધાં લગાડયો નહીં. જ્યારે લોકોએ હઝરત માલિક બિન દિનાર (રહ.) ને સૌની સાથે ભોજન સમારંભમાં શામેલ થવાનો આગ્રહ કર્યો ત્યારે તેમણે સાફ ઇન્કાર કર્યો અને કહયું કે આ ખાણા પર ફકત તે લોકોનો જ હક અધિકાર છે જેઓ વાઅઝ દરમ્યાન પોતાના આંસુઓને ખાળી શકયા નહીં. મારી આંખથી તો આંસુનું એક ટીપું યે ટપકયું નહીં પછી હું આ ખાણું શી રીતે ખાઇ શકું? દરિયાદિલી અને સખાવતની આ પરિસ્થિતિ હતી કે કોઇ પણ માણસ એમના ઘરમાં દાખલ થઇ જરૂરતની કોઇપણ વસ્તુ લઇ શકતો હતો. કેટલીકવાર તો અલ્લાહના આ નેક બંદા મસ્જીદની કાંકરીઓ ઉંચકીને કહેતા, કેટલું સારૂ થતે જો જીવનની જરૂરિયાત માટે આ કાંકરીઓ જ પૂરતી હોત, જેથી હું પેટની ચિંતાથી મુકત થઇ આ કાંકરીઓ પર જ મારૂં જીવન વિતાવી દેત.

કયારેક તો કેફો મસ્તીના આલમમાં કહેતાયે ખરા, જો રેત અને માટી ખાવાની ઇસ્લામને રજા આપી હોત તો હું આખું જીવન એના પર વિતાવી દેતે. આ હાલત હતી હઝરત માલિક બીન દીનાર (રહ.) ના સંતોષની.

હઝરત માલિક બીન દિનારને પોતાના નફસ પર એટલી હદ સુધી કાબુ હતો કે જ્યારે પણ બસરાના બજારોની સજાવેલી દુકાનોમાં તેમની મનપસંદ વસ્તુ નજરે પડતી તો તેઓ તેને જોતાં જોતાં ત્યાંથી પસાર થઇ જતા. ત્યાર પછી પોતાના નફસને કહેતા, મેં આ વસ્તઓ તારા પર હરામ કરી નથી પણ હું એટલા માટે આ વસ્તુઓથી પરહેજ કરૂં છું કે આ વસ્તુઓનું આકર્ષણ કયાંક મને દોઝખમાં ન લઇ જાય.

એકવાર હઝરત માલિક બીન દીનાર (રહ.) ની ઇચ્છા શુધ્ધ દુધ અને રોટલો ખાવાની થઇ. એમણે એક માણસને શુધ્ધ દૂધ અને રોટલો લાવવાનો હુકમ કર્યો. તે માણસ પોતાના સદ્‌ભાગ્ય પર ગર્વ કરતો દૂધ અને રોટલો લઇ આવ્યો. એમણે ખાવા માટે રોટલો હાથમાં લીધો ત્યાર પછી તે રોટલા પર દૂધ રેડી તેને આમ તેમ ફેરવીને જોવા લાગ્યા. પછી તેમણે કહયું, મેં ચાળીસ વર્ષ સુધી ઘઉંની રોટલીને હાથ લગાડયો નથી અને મારા ગુનેગાર નફસને એનાથી દૂર રાખ્યો છે. અલ્લાહ રબ્બુલ ઇઝઝતનો એહસાન છે કે આજ સુધી હું મારા ઇરાદામાં કામયાબ રહયો છું. આફસોસ એ વાતનો છે કે આજે એક સામાન્ય ઇચ્છાએ મારા નફસ પર કાબૂ મેળવી લીધો, અને મેં શુધ્ધ દૂધ અને રોટલાની માંગણી કરી બંને વસ્તુઓ મંગાવી. પણ ના, હું આ વસુઓ ખાઇને મારા નફસને એની લઝઝતથી પરિચિત કરાવવા માંગતો નથી. એવું કહીને એમણે દુધ અને રોટલો ખાધા વગર એક બાજુએ ખસેડી દીધાં. **(ક્રમશ)**

## શિક્ષણ મંથન

ઇસ્લામ માનવજાત માટે ઉપયોગી હોય એવા કોઇ પણ પ્રકારના જ્ઞાનની વિરુદ્ધ નથી, અને ન તો તે કોઇ ભાષાનો વિરોધી છે. ખુદ પયગંબર સાહેબે પોતાના કેટલાક સાથીઓને અરબી સિવાય કેટલીક અન્ય ભાષાઓ શીખવાની સૂચના આપી હતી અને કહયું હતું કે, બધી ભાષાઓ અલ્લાહની બનાવેલી છે. ઇલ્મે નાફિઅ (ફાયદાકારક જ્ઞાન) ને આપ (સ.અ.વ.) એ શ્રેષ્ઠ ઇબાદત ગણાવ્યું છે. (મજમઉઝઝવાઇદઃ ૧/૧૨૦) અને જ્ઞાન પ્રાપ્ત કરવું એ દરેક મુસ્લિમની ધાર્મિક ફરજ ઠરાવી છે. આપ (સ.અ.વ.) એ ફરમાવ્યું છે કે, ત્રણ વસ્તુઓનો સવાબ વ્યકિતના મૃત્યુ પછી પણ તેને પહોંચતો રહે છે, તે પૈકીની એક વસ્તુ એવું જ્ઞાન છે જેનાથી તેના મૃત્યુ પછી પણ લોકોને ફાયદો પહોંચતો રહે.

અફસોસની વાત એ છે કે, જે ઉમ્મતને સૌ પ્રથમ પઢવાનો ઉપદેશ મળ્યો હતો અને જેના હાથમાં કલમ થમાવવામાં આવી હતી, આજે અજ્ઞાનતા, નિરક્ષરતા અને શિક્ષણનો અભાવ તેની એક આગવી ઓળખ બની ગઇ છે અને કહેવાતી પછાત જાતિઓએ પણ આ ક્ષેત્રમાં તેને પાછળ છોડી દીધી છે, એક એવી કોમ માટે જેણે આદેશ પર સેંકડો વર્ષો સુધી શાસન કર્યું છે, અને આજે પણ આ દેશનો કોઇ પ્રદેશ એવો નથી કે જયાં તેની હકૂમત અને ભૂતકાળની મહાનતાનાં અમીટ અને દિલો-દિમાગને આશ્ચર્યચકિત કરી દેતાં નિશાન મોજૂદ ન હોય, પરંતુ ભૂતકાળની આ મહાનતાનાં નિશાન આજે આપણું મોં ચીડવે છે અને ઝબાને-હાલથી આપણા ઉપર હસી રહયા છે કે, આ કેવી કોમ છે કે જેના વર્તમાનને ભૂતકાળ સાથે કોઇ જ સંબંધ નથી!!

આ નામોશી અને અધોગતિમાંથી બહાર નીકળવા માટે, એના સિવાય બીજો કોઇ રસ્તો નથી કે મુસ્લિમ મહોલ્લાઓ અને શેરીઓમાં શિક્ષણની એવી ચળવળ ચલાવવામાં આવે જેવી કે ચૂંટણીમાં ઉમેદવાર મતની ભીખ માંગવા ચલાવે છે, તેઓ પોતાના બાળકોના શિક્ષણ પર પણ ધ્યાન આપે અને પોતાના પાડોશીઓની પણ સંભાળ રાખે કે કયાંક એવું તો નથીને કે કોઇ વિદ્યાર્થીએ ભણવાનું છોડી દીધું હોય, આર્થિક મુશ્કેલીએ તેને વધતો અટકાવી દીધો હોય અથવા તે માનસિક હતાશાનો ભોગ બન્યો હોય, આવા બાળકોને પ્રોત્સાહિત કરો અને સમાજના આવા બાળકોના શૈક્ષણિક ભરણપોષણની જવાબદારી સામૂહિક રીતે સ્વીકારો, એવી શૈક્ષણિક સંસ્થાઓની સ્થાપના કરો કે જેમનું મિશન કોમની સેવા કરવાનું હોય, જેઓ શિક્ષણને વેપાર અને રૂપિયાની ટંકશાળ ન ગણતા હોય; બલ્કે આખી ઉમ્મતને એક પરિવાર માનીને તેમની સેવા કરવા મેદાનમાં ઉતર્યા હોય, જેઓને હોટલો અને નાના કારખાનાઓમાં નાના-નાના બાળકોનું વાસણ ધોવું અને કચરો વાળવું તડપાવી દેતું હોય, જેમના ચહેરા પરથી જ હોંશિયારી ટપકતી હોય, અને જેમની આંખો તેમની આંતરિક બુદ્ધિ અને જુસ્સાની ચાડી ખાતી હોય.

જયાં સુધી કોમના પ્રતિષ્ઠિત અને આગેવાન ગણાતા લોકોમાં સમગ્ર કોમ માટે પીડા અને વેદના પેદા ન થાય, શૈક્ષણિક સંસ્થાઓ મકાનના નિર્માણ તરફ દોરવાને બદલે માનવ નિર્માણ તરફ ધ્યાન કેન્દ્રિત ન કરે, જેઓ શિક્ષણ-પ્રશિક્ષણને વેપારને બદલે ઇબાદતનો દરજજો આપવા તૈયાર ન હોય અને આખી કોમમાં એવી લાગણી ન જાગે કે શિક્ષણની સાથે જ આપણું ભાગ્ય જોડાયેલું છે, તે જ આપણી જીવાદોરી છે અને તેનાથી વંચિત રહીને કોઇ પણ કોમ માટે ગૌરવભેર જીવવું અશકય છે, ત્યાં સુધી આપણું સુષુપ્ત ભાગ્ય જાગી નહીં શકે અને આપણે રિસાયેલા ભૂતકાળને મનાવીને પાછો લાવી નહીં શકીએ!!

## દુન્યવી શિક્ષણ : ઇસ્લામી પરિપ્રેક્ષ્યમાં

આજકાલ, મુસ્લિમોમાં પણ શિક્ષણ બાબતે દીની શિક્ષણ અને દુન્યવી શિક્ષણ એમ બે પરિભાષાઓ વાપરવામાં આવે છે, કુર્આન અને હદીસના શક્ષિણને દીની શિક્ષણ માનવામાં આવે છે અને સમકાલીન વિદ્યાઓના શિક્ષણ-પ્રશિક્ષણને દુન્યવી શિક્ષણ કહેવામાં આવે છે; જોકે ઇસ્લામે જ્ઞાનનું આવું કોઇ વિભાજન કર્યું નથી; બલ્કે, જ્ઞાનના માત્ર બે જ પ્રકાર પાડવામાં આવ્યા છેઃ નફાકારક જ્ઞાન અને બિનનફાકારક જ્ઞાન. (ઇલ્મે નાફિઅ અને ઇલ્મે ગેરનાફિઅ) જે જ્ઞાન માનવજાત માટે ઉપયોગી અને ફાયદાકારક હોય, તે નફાકારક જ્ઞાન, અને જે જ્ઞાન માનવજાત માટે ફાયદાકારક હોવાને બદલે નુકસાનકારક હોય અને નિર્માણને બદલે વિનાશ તરફ લઇ જાય, તે બિનનફાકારક જ્ઞાન છે. આપ (સ.અ.વ.) એ નફાકારક જ્ઞાનની દુઆ માગી છે અને નકામા જ્ઞાનથી પનાહ ચાહી છે.

મેડિકલનું શિક્ષણ હોય, એન્જિનિયરિંગનું હોય કે ટેકનિકલ શિક્ષણનું કોઇ ક્ષેત્ર હોય, આ બધા માનવ સેવા અને માનવજાતના કલ્યાણનાં માધ્યમો છે અને નિઃ શંક પણે, તે સૌ નફાકારક જ્ઞાનની યાદીમાં સામેલ છે, તેમનું પ્રાપ્ત કરવું પ્રશંસાને પાત્ર છે, ના કે નિંદાને પાત્ર. તેથી જ ઇમામ શાફીનું વર્ણન છે કે, અસલ અને વાસ્તવિક જ્ઞાન બે જ જાતનું છેઃ એક ઇલ્મે ફિકહ (ઇસ્લામી ધારાશાસ્ત્ર) છે; જેના વડે વ્યકિત જીવન જીવવાની રીતભાત શીખી શકે, અને બીજું તબીબી જ્ઞાન છે, જેનાથી માનવ શરીર વિશે માહિતી મેળવી શકાય. (મિફ્તાહુ-સ્સઆદહ, પૃષ્ઠ.૩૦૨) હઝરત અલીએ ગનિત અને કેટલીક અન્ય વિદ્યાઓનો પણ ઉલ્લેખ કર્યો છે. (સંદર્ભઃ એજન)

ઇસ્લામ ન તો કોઇ જ્ઞાનની વિરૂદ્ધ છે, ન તો કોઇ ભાષાની, પવિત્ર કુર્આને કેટલાંય એવાં તથ્યો પર પ્રકાશ પાડયો છે; જે ખગોળશાસ્ત્ર, ભૌતિકશાસ્ત્ર, વનસ્પતિ અને પ્રાણીસૃષ્ટિ સાથે સંબંધિત છે, ખુદ માણસની પોતાની આંતરિક શરીર રચના, તેનું ક્રમિક રીતે વિકસવું અને તેના મનોવિજ્ઞાનનો પણ વારંવાર ઉલ્લેખ કરવામાં આવ્યો છે, ભૂતકાળની કોમોના પ્રસંગો અને ઘટનાઓનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તેમની વસ્તી અને તેમની ઉપર આવેલ ખુદાના અઝાબ અને પ્રકોપોનાં સ્થાન તરફ સંકેત કર્યો છે અને પછી આ બધી બાબતો પર મનોમંથન અને ગોરો-ફિક્ર કરવાનું આમંત્રણ અપાયું છે; સ્વાભાવિક વાત છે કે, આ મનોમંથન આવા વિજ્ઞાનોના અભ્યાસ વિના કેમ કરી શકય બનશે? અને તેમને પ્રાપ્ત કર્યા વિના, કેવી રીતે તેમાં તદબ્બુરનો હક અદા કરી શકાશે?

આમ, બ્રહ્માંડના રહસ્યોને સમજવા માટે આવા વિજ્ઞાનો અને વિદ્યાઓને પ્રાપ્ત કરવું એ પવિત્ર કુર્આનમાં ઇચ્છિત ગણાવ્યું છે, તેથી અલ્લાહના નબી હઝરત મુહમ્મદ સાહેબે તેમના સમયમાં અન્ય કોમો પાસેથી જે આધુનિક તકનીકો મેળવી શકાતી હતી, તેમાં જરાય પાછીપાની કર્યું નથી અને કયારેય દીની તકાજાની વિરૂદ્ધ ગણ્યું ન હતું. મદીનાના લોકોનો વ્યવસાય ખેતીનો હતો અને ઇસ્લામ પૂર્વે ત્યાંના લોકો ખજૂરનાં નર અને માદા વૃક્ષોમાં મિશ્રણની એક ખાસ રીત અપનાવતા હતા, જેને તાબીર કહેવામાં આવતું હતું. પયગંબર સાહેબે શરૂઆતમાં તેને વ્યર્થ અને નકામી પ્રથા ગણીને તેની મનાઇ ફરમાવી હતી, પરંતુ જયારે તે વર્ષે પ્રથા મુજબ વાવણી ન થતાં ઉત્પાદનમાં ઘટાડો થયો અને લોકોએ આપ સમક્ષ તેનો ઉલ્લેખ કર્યો, તો આપ (સ.અ.વ.) એ પોતાના એ અભિપ્રાયનો આગ્રહ ન રાખ્યો અને હવે પછી પહેલાંની જેમ જ તાબીર કરવાની મંજૂરી આપતાં કહ્યું કે, તમે તમારી દુનિયાની બાબતો વિષે વધુ વાકેફ છો. (મુસ્નદ અહમદઃ ૧૨૩૬) **(ક્રમશ)**

## માતા અને બાળક

લગ્નના બંધનમાં બંધયા પછી સ્ત્રી એક આદર્શ પત્નિ બનવા પ્રયત્ન કરે છે. દરેક સ્ત્રીમાં માતૃત્વની ભાવના હોય છે. લગ્ન પછી તે બાળકની ઇચ્છા રાખે છે, કે પોતાના ખોળાનો ખુંદનાર આવે. પુરૂષ કરતાં સ્ત્રીમાં એની ભાવના વધુ હોય છે. જયારે તે પ્રથમ બાળકની માતા થાવાની હોય ત્યારે તેનું સુખ બેવડું બની જાય છે. પોતાના બાળક માટે તે અનેક સ્થાન સેવે છે.

આ રિવાયતથી કોણ ઇન્કાર કરી શકે કે માના કદમોમાં જન્નત છે આ ખરૂં છે, પરંતુ એક માની ગોદમાં બાળક પેદા થઇ આગળ મહાન માણસ બને છે. જયારે બીજી બાજુ એજ ગોદમાં મક્કારી, ચોર ,આવારા વગેરે પેદા થતાં જોયા છે, પરંતુ એ બધા દુષણો સમાજ કે શિક્ષણ ઉપર નથી, પરંતુ એની ઝીમ્મેદાર એમની માતા છે.

બાળકની સૌ પ્રથમ જે સ્કુલ છે તે માની ગોદ છે. જયારે બાળક માતાના ખોળામાં સુતુ સુતુ દુધ પીતું હોય છે ત્યારે તેની મા તે સમયે જે વિચારતી હોય છે તે તેના મગજમાં ટેપ રેકર્ડની જેમ ટેપ કરતું હોય છે. અને મોટો થઇ તેવું જ આચરણ તે કરતું હોય છે.

માતા બન્યા પછી સ્ત્રીની જવાબદારી વધી જાય છે. તેણીએ પોતાના બાળકની સંભાળ ઉપરાંત તેનામાં સદ્‌ગુણોના બી વાવવાનું પણ કામ કરવાનું હોય છે, ત્યારે તે કુમળી ડાળના જેમ આપણે તેને જેમ વાળીશું તેમ તે વળશે. કોરી સ્લેટ જેવું તેનું હૃદય છે. જેવા સંસ્કાર ઘૂંટશું તેવો તે નીકળશે. નાનપણથી તેને સારા નરસાનું ભાન કરાવ્યાં કરવું જોઇએ. તેને નાની નાની પરંતુ બોધદાયક વાર્તાઓ કહેવાથી તેના ઉપર સારી અસર થશે. કહેવાય છે કે ૧ થી ૫ વર્ષ દરમ્યાન બાળકને જેવા સંસ્કાર આપ્યાં હશે તો મોટા થતાં તે પ્રમાણે વિકાસ થશે.

આમ બાળકોનું ઘડતર ઘરમાં થાય છે. શાળામાં ભણતર અને સમાજમાં તેનાં ચારિત્રનું ચણતર થાય છે. આપણને એમ લાગે છે કે નાનું બાળક કંઇ સમજતું નથી, પરંતુ એ આપણી ગેરસમજ છે. બાળકનાં હૃદયમાં દરેક બનાવની ઊંડે ઊંડે છાપ પડે છે. જો પિતા ઘરમાં હોય અને કોઇ બોલાવા આવે તો પિતાને જવાબ આપવો ન હોય તો તે બાળકને કહે છે કે જા બેટા, કહી દે કે પપ્પા ઘરમાં નથી, આમ તમો જાતે છોકરાના મુખેથી જૂઠું બોલાવો છો તો તેનું પ્રતિબિંબ તેના હૃદય ઉપર અવશ્ય પડે છે.

કેટલીક માતાઓ પોતાના બાળકોમાંથી કોઇ એકને વધું ચાહે છે. આમ કરવાથી બીજા બાળકોને તેના તરફ હસદ થશે. અને લાગ મળશે તો તેને મારી પણ લેશે. આમ તેનામાં વેર વૃત્તિ જન્મે છે. આથી માતાઓએ આમ ન કરતાં પાંચે આંગળીઓ સરખી તેમ દરેક તરફ એક લક્ષી વર્તન રાખવું જોઇએ. બીજુ આપણે જોઇએ છીએ કે મા-બાપ છોકરી કરતાં છોકરા ઉપર વધુ હેત રાખે છે. છોકરીઓ તરફ તેમનું વર્તન નફરત ભરેલું હોય છે. છોકરાઓને સાપના ભારા સમાન ગણે છે. છોકરા તો તેમનો ઘડપણનો સહારો છે. આમ કરવાથી ભાઇ બહેનો વચ્ચે હસદ જન્મે છે. તેમનામાં એક બીજા માટે મોહબ્બત રહેતી નથી, આથી આમ ન કરતાં છોકરો શું ? છોકરી શું ? દરેકને સમાન ગણવા જોઇએ.

કેટલીક માતાઓ પોતાની ઔલાદ સામે પોતાના પતિની બુરાઇઓ અને તેના તરફથી બસ્યાઓના હૃદયમાં દુશ્મનાવટ પેદા કરાવે છે. અને તેમ કરવા તે આંસુઓનો પણ સહારો લે છે. આમ કરવાથી નાના મગજ ઉપર ઘણી જલદી અસર થાય છે. અને એક વખત એવો આવે છે કે તે બાપથી નફરત

કરવા લાગશે. માતાઓની આવી અસર છોકરીઓ પર જલદી પડે છે. મોટી થતાં તે પણ પોતાની માતાની જેમ સાસરીઆની અને પતિની બુરાઇઓ બધા આગળ કરતી ફરશે.

પોતાના બાળક માટે ગમે તેવું બોલવું પણ ન જોઇએ. કેટલીક માતાઓને મેં જોઇ છે કે તે પોતાની પેટની ઔલાદને ગમે તેમ બોલતી હોય છે. અલ્લાહ પાકે કહયું છે કે આખા દિવસમાં એક ઘડી એવી આવે છે કે જયારે તમારી દુઆ કબુલ થાય છે. જો તે ગમે તેમ બોલતી હોય અને ખુદા ન કરે પણ જો તેજ ઘડી કબુલિયાતની હોય તો પછી આંસુ સારવાથી શું ફાયદો ?

પોતાના બાળકની ઉણપ બીજા બાળક સાથે એની સરખામણી કરીને વારંવાર છતી કરવી અથવા બાળકને એ રીતે કહી ઉતારી પડવું એ બરાબર નથીજ, કારણ કે આમ કરવાથી આમ કરવાથી તેનાં ચિત્તને ઘણો આઘાત લાગે છે. જે બાળકોના વિકાસને હાનિકારક છે. એને સતત લાગ્યાં કરશે કે તે તેના અન્ય સાથી મિત્રોથી સમાન નથી. આથી બીજા બાળકો પાસે અથવા વડીલો પાસે તે સંકોચ અનુભવશે. આમ તેનામાં લઘુતાગ્રંથિ આવી જાય છે.

બાળકને પોતાના ધર્મનું જ્ઞાન પણ આપવું જોઇએ. જેથી તેનામાં મોટા થતાં ધાર્મિક વૃત્તિ રહેશે. બાળકને નાનપણથી નમાઝની ચીવટ રાખવી જોઇએ અને જરા મોટા થતાં રોઝા પણ રાખવા કહેવું. આમ તેને આદત પડશે. આગળ જતાં તે નમાઝ-રોઝાનો પાબંદ થશે. તેને આપણા રસુલે કરીમ (સ.અ.વ.) ના જીવન વિષે તેમજ બીજા પેગમ્બરોના જીવન ચારિત્ર વિષે કહેવાથી તેઓ એના જાણકાર થશે.

ઘર જ બાળક માટે પ્રથમ સ્કૂલ છે. આથી મા-બાપે જ તેમનામાં વિનય, વિવેક શિષ્ટાચાર, ધાર્મિક વગેરેની તાલીમ આપવી જોઇએ. પરંતુ આજે તો કેટલાક મા-બાપ એ તરફ દુર્લક્ષ સેવે છે તેમનામાં જ જયારે આવા સંસ્કાર હોતા નથી તો તેઓ શું પોતાના છોડને આવા ગુણોની સિંચાઇ કરી શકશે ? આથી આજના યુગમાં બાળકોને કેળવણી આપવા કરતાં મા-બાપને કેળવો તો ?

**તિફલ મેં ખુશ્બુ આયે કયા મા-બાપ કે**
**અતવાર કી,**
**દુધતો ડિબ્બેકા હૈ તાલીમ હૈ સરકાર કી.**

## કિસ્મતમાં

છે તારી કામિયાબી કાયમી તું માન મહેનતમાં,
તું કોશિશ ના કરે ત્યાં લગ ન પડશે ફેર હાલતમાં.

વિતાવી જા દિવસ બે ચાર જીવનના મહોબ્બતમાં,
થયું છે કોનું સારું એક-બીજાઓની નફરતમાં.

પડી રહેશે ઓ ગાફિલ કયાં સુધી તું આમ રાહતમાં ?
છે મિલ્લત, કૌમ, દુનિયા, દેશ તારો સૌ છે આફતમાં.

નજર કર તું જરા તારા જ વડવાઓના જીવન પર,
ખુમારી, ખુશદિલી, સંતોષથી જીવ્યા એ ગુર્બતમાં.

બધું છે તારી પાસે તોય છે તરસ્યો હજી પણ તું,
બધા સુખ ચેન ના પામી શકે દુનિયાની દૌલતમાં.

પરેશાની, પીડા, ને વેદના છોને છે હરકતમાં,
કોઇ માને ન માને જોઇ છે બરકત મેં હિજરતમાં.


ન ચાલે એમ તારા દિલને કર મજબૂત તું 'સૂફી',
હજી કપરા દિવસ છે આવનારા તારી કિસ્મતમાં.

-ફારૂક શેખ 'સૂફી'

# ડાયાબિટીસ

**ઇન્સ્યુલિન ઇન્જેકશનનો સંગ્રહઃ** ઇન્સ્યુલિનનાં ઇન્જેકશન લેવામાં જેટલી તકેદારી રાખવી પડે એટલી જ તકેદારી એના સંગ્રહ માટે પણ રાખવી જરૂરી છે. ઇન્સ્યુલિનને લાંબા સમય સુધી સંઘરવા માટે હંમેશા ૪ થી ૮ અંશ સે. જેટલાં તાપમાને રાખવું જોઇએ. ફ્રીઝના ફ્રીઝર/ડીપફ્રીઝ સિવાયના બધા ભાગમાં આવું તાપમાન હોય છે. ભૂલથી પણ ડીપફ્રીઝમાં ઇન્સ્યુલિન મુકી દીધું હોય તો એમાં બરફના કણ થઇ જાય છે અને આવું ઇન્સ્યુલિન નકામું થઇ જાય છે. જે ઇન્સ્યુલિનની બોટલ રોજના વપરાશમાં હોય તેને (ખૂબ વધારે ઠંડી ગરમી બાદ કરતાં) રૂમના તાપમાને છ થી સાત અઠવાડિયાં સુધી રાખી શકાય. પરંતુ જો ખૂબ ઉંચા તાપમાને (દા.ત. રણમાં) ઇન્સ્યુલિન રાખવામાં આવે તો એની અસરકારકતા ઘટી જાય છે અને ક્યારેક ઇન્સ્યુલિન ઇન્જેકશન લેવા છતાં દર્દી ઇન્સ્યુલિનની અછતથી થતાં કોમ્પ્લિકેશન અનુભવવા લાગે છે.

**ઇન્સ્યુલિન ઇંજેકશન લેવા માટેનું પેન જેવું સાધનઃ** ડાયાબિટીસના ઘણા દર્દીઓએ રોજ જાતે ઇન્જેકશન લેવાનાં હોય છે. આ દર્દીઓને ઘણી વખત ઇન્સ્યુલિન બાટલીમાંથી યોગ્ય માત્રામાં સિરીંજમાં ભરવાનું અને પછી હિંમતભેર પોતાના જ શરીરમાં સોય નાખવાનું ફાવતું નથી હોતું. આવા દર્દીઓ માટે છેલ્લા એક-બે વર્ષથી, ઇન્સ્યુલિન આપોઆપ ઇન્જેક્ટ કરતું પેન જેવુ સાધન નીકળ્યુ છે. આ સાધનમાં, કેટલા યુનીટનું ઇન્જેકશન આપવાનું છે એ વિગત પેન પરના આંકડાઓ એડજસ્ટ કરીને મૂકી દેવાની હોય છે. પેનના પાછળના ભાગમાં ઇન્સ્યુલિનનું રીફીલ હોય છે અને આગળના ભાગમાં બટન દબાવતાંની સાથે પેનમાંથી બહાર નીકળતી સોય હોય છે. એટલે દર્દી, ચામડી સ્પિરિટથી ચોખ્ખી કરીને પછી પેન ચામડી પર ગોઠવી દે છે પછી માત્ર પેનનું બટન દબાવતાની સાથે જરૂરી માત્રામાં ઇન્સ્યુલિન શરીરમાં દાખલ થઇ જાય છે.



